Monday
08.05.2023
*Volume :7 * Issue No.278
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા માંડવી ખાતે આયોજિત પ્રથમ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં ૧૬૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા

### વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ સી.આર.પાટીલ અને પ્રભુભાઈ વસાવાએ સમૂહલગ્નમાં સહભાગી બની નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા



### સમૂહલગ્નો ગરીબ અને મધ્યમવર્ગીય માતા-પિતા માટે આશીર્વાદરૂપ બન્યા છેઃ સાસંદ સી.આર.પાટીલ

### સમૂહલગ્નમાં જોડાનાર પરિવારને મોટી આર્થિક બચત થાય છેઃ બચતના નાણા બાળકોના શિક્ષણ, આરોગ્ય પાછળ ખર્ચ કરી શકાય છેઃ આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમ્ ન્યુઝ,

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા માંડવી ખાતે આયોજિત પ્રથમ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં ૧૬૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. માંડવી સ્થિત બજરંગ પાર્ક સામે, હનુમાનજી મંદિર પાસે, માંડવી-ઝંખવાવ રોડ ખાતે આયોજિત પ્રથમ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ સર્વશ્રી સી.આર.પાટિલ અને પ્રભુભાઈ વસાવાએ પણ ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલા પાડનારા નવદંપતિઓને સુખી લગ્નજીવનના આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ પ્રભુતામાં પગલા પાડનાર ૧૬૩ નવયુગલોને ઉજ્જવળ દામ્પત્યજીવનની શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે, સમાજ એક બનીને આગળ વધશે તો પ્રગતિ કરતા કોઈ રોકી શકશે નહી.

સેવાભાવી નાગરિકો, સમાજ અને સંસ્થાઓ સારા ઉદ્દેશ સાથે આગળ વધતા હોય તો સરકાર હરહંમેશા તેમને સહકાર આપવા તત્પર છે. શ્રી હલપતિએ વધુમાં જણાવ્યું કે, આમજનતા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો લઈને પ્રગતિ કરી રહી છે. કરકસરના પ્રતિકરૂપ સમુહલગ્નોથી એકતાનો ભાવ પ્રગટ થાય છે. લગ્નમાં જોડાનાર પરિવારને આર્થિક બચત થતી હોય છે. બચતના નાણા બાળકોના શિક્ષણ,આરોગ્ય પાછળ ખર્ચ કરી શકાય છે એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલે સમૂહલગ્નના આયોજન થકી આદિવાસી સમાજની ગરીબ દીકરીઓના લગ્નનું અનેરૂ સેવાકીય કાર્ય કરવા બદલ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ઘણા કિસ્સાઓમાં ગરીબ આદિવાસી પરિવારો પોતાનું ઘર અને જમીનને ગીરવી મૂકી દીકરા-દિકરીના લગ્ન કરાવે છે, અને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈને દેવાદાર બની જાય છે, ત્યારે આવી સમસ્યાના નિવારણ માટે સમૂહલગ્નો ગરીબ અને મધ્યમવર્ગીય માતા-પિતા માટે આશીર્વાદરૂપ બન્યા છે.

શ્રી પાટીલે દિકરીના જન્મથી તેના લગ્ન, પ્રસૂતિ, સંતાનોના ઉછેર અને અભ્યાસ માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો બહોળો લાભ મેળવવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. ઈશ્વરના આશીર્વાદરૂપ દીકરા કે દીકરી; જેનો પણ જન્મ થાય તેનો સ્વીકાર કરી ભેદભાવ વિના ઉછેર અને શિક્ષણ આપવા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષણની ભૂખ ઉઘડી છે. પૈસાના અભાવે કોઈ દીકરીઓના લગ્ન થતા રહી ન જાય તે માટે સમાજ અગ્રણીઓ સમુહલગ્નોત્સવ યોજી રહ્યા છે, તે બદલ સૌ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. કોરોનાના કપરા કાળમાં સમાજના ડોકટરોએ સેવાપરાયણતાના ભાવ સાથે દર્દીઓની કરેલી સેવાને બિરદાવી સૌને શ્રેષ્ઠ સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરભાઈ પરમાર, સંદિપ દેસાઈ, મોહનભાઈ કોંકણી, સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંહ પટેલ તેમજ મોટી સંખ્યામાં નવયુગલો, પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# થેલેસેમિયા જેવી જીવલેણ બીમારી અંગે નાગરિકોને જાગૃત કરવાનો દિવસ

### થેલેસેમિયા નાબૂદી માટે સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામ કરી અન્ય રાજ્યો માટે ગુજરાત બન્યું રોલ મોડલ




કમલમ્ ન્યુઝ,

આજે ''આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ'' છે. થેલેસેમિયા એક અસાધ્ય વારસાગત રક્ત વિકાર રોગ છે જે શરીરમાં હિમોગ્લોબીનના નિર્માણ ઉપર સીધી અસર કરે છે. લોકજાગૃતિ થકી આ ભયાવહ રોગના પ્રમાણમાં ઘટાડો આવે તેમજ આ રોગ વિશે નાગરિકોની અજ્ઞાનતા દૂર થાય તે માટે દરવર્ષે ૮મી મે ના રોજ આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોઈ પણ માતા-પિતા પોતાના સંતાનને લોહીની બોટલના બંધનમાં ફસાયેલા જોવા નથી માંગતા, પણ ક્યાંકને ક્યાંક થેલેસેમિયા જેવા વારસાગત રક્ત વિકાર રોગ અંગે જાગૃતતા ન હોવાના કારણે અનેક બાળકો જન્મજાત થેલેસેમિયા રોગ સાથે જન્મે છે. આજે દેશ-દુનિયા સહિત ગુજરાત રાજ્ય પણ થેલેસેમિયા જેવી જીવલેણ બીમારીને જળ-મૂળથી નાબૂદ કરવા મિશન મોડમાં કામ કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અનેક સંસ્થાઓ સાથે મળીને લોકોમાં થેલેસેમિયા અંગે જાગૃતિ લાવવાનું કામ કરી રહી છે. થેલેસેમિયા અંગે મોટાભાગના લોકો અજાણ હોવાથી તેમના મનમાં સૌથી પહેલા એક જ પ્રશ્ન આવે કે, થેલેસેમિયા શું છે અને આ રોગ ગંભીર કેમ છે?...તો આવો આજે વિસ્તારપૂર્વક જાણીએ થેલેસેમિયા રોગ અંગેની કેટલીક મહત્વપૂર્ણ વાતો.

### થેલેસેમિયા શું છે?

થેલેસેમિયા એક આનુવંશિક રોગ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનાવવામાં નિષ્ફળ જાય છે. સામાન્ય રીતે આપણા લોહીમાં લાલ રક્ત કણમાં હિમોગ્લોબીન નામનું એક પ્રોટીન હોય છે, જે માનવ શરીરના દરેક અંગો સુધી ઓક્સીજન પહોંચાડવાનું કામ કરે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંથી લોહતત્વ મળે છે, અને હાડકા વચ્ચે રહેલી અસ્થિમજ્જા (બોનમેરો) આ લોહતત્વને હિમોગ્લોબીનમાં રૂપાંતર કરવાનું કામ કરે છે. થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિની અસ્થિમજ્જાથી લોહતત્વનું હિમોગ્લોબીનમાં રૂપાંતર થઈ શકતું નથી. જેના કારણે શરીરના અન્ય અવયવોને પૂરતા પ્રમાણમાં ઓક્સીજન મળી શકતો નથી, અને અવયવોની કાર્યક્ષમતા ઘટે છે. થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિના શરીરના અવયવો નબળા પડતા અંતમાં તેમણે અનેક સમસ્યાઓ અને બીમારીઓનો સામનો કરવો પડે છે.

### થેલેસેમિયાના પ્રકારઃ

થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર થેલેસેમિયા સામાન્યરીતે બે પ્રકારનો હોય છે, થેલેસેમિયા માઈનર અને થેલેસેમિયા મેજર. માતા-પિતામાંથી કોઈ એકના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલેસેમિયા માઈનરનો શિકાર બને છે. જ્યારે માતા-પિતા બંનેના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલેસેમિયા મેજરનો શિકાર બને છે. થેલેસેમિયા માઈનરને થેલેસેમિયા કેરિયર અથવા થેલેસેમિયા વાહક પણ કહેવામાં આવે છે. થેલેસેમિયા માઈનરના રંગસૂત્રોમાં ખામી કે વિકૃતિ હોય છે, પણ તેમાં કોઈ વિકાર ન હોવાથી સામાન્યતઃ તેઓ સ્વસ્થ અને લક્ષણમુક્ત હોય છે. એટલે કે, બહારથી તંદુરસ્ત દેખાતો કોઈ પણ વ્યક્તિ થેલેસેમિયા માઈનર હોઈ શકે છે, તમે પણ. ભારતમાં આશરે ૪ થી ૫ કરોડ લોકો થેલેસેમિયા કેરિયર છે, અને ૧૦ માંથી ૮ લોકોને તો ખબર પણ નથી હોતી કે તેઓ થેલેસેમિયા કેરિયર છે. એટલા માટે જ થેલેસેમિયાનો ટેસ્ટ કરાવવો એ કોઈપણ વ્યક્તિના જીવન અને તેના પરિવારના ભવિષ્ય માટે સૌથી અગત્યનો નિર્ણય હોય છે. થેલેસેમિયા માઈનર એક રોગ નહિ પણ રંગસૂત્રોની વિકૃતિ છે, જ્યારે થેલેસેમિયા મેજર એક જીવલેણ રોગ છે. થેલેસેમિયા મેજરગ્રસ્ત વ્યક્તિ એનીમિયા જેવી અનેક ગંભીર સમસ્યાઓથી પીડિત હોય છે. જો પતિ-પત્ની બંને થેલેસેમિયા માઈનર હોય તો તેમના સંતાન થેલેસેમિયા મેજર હોવાની શક્યતાઓ ૨૫ ટકા જેટલી હોય છે. આ ઉપરાંત પતિ-પત્ની બંનેમાંથી કોઈ એક થેલેસેમિયા મેજર હોય તો પણ બાળક થેલેસેમિયા મેજર જન્મે તેની શક્યતાઓ વધી જાય છે. ભારતમાં દરવર્ષે આશરે ૧૦,૦૦૦ બાળકો થેલેસેમિયા મેજર સાથે જન્મે છે. સામાન્ય રીતે થેલેસેમિયા મેજરના શરીરમાં લોહીની ઉણપના કારણે તેમને દર ૨ અઠવાડિયાના અંતરે નિયમિત લોહી ચડાવવું પડે છે, તો જ તે બચી શકે છે.

### થેલેસેમિયાને અટકાવવા શું કરી શકાય?

હિમોગ્લોબીનોપેથેજીસ કમિટી ઓફ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચના ચેરમેન ડો. અનિલ ખત્રી જણાવે છે કે, થેલેસેમિયા મેજરને નિવારવા માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત કોઈ કાયમી ઈલાજ નથી. થેલેસેમિયાને મૂળથી જ નાબૂદ કરવા માટે દરેક વ્યક્તિએ લગ્ન પહેલા અથવા ગર્ભધારણ કરે તે પહેલા થેલેસેમિયા માઈનરનો ટેસ્ટ કરાવવો જોઈએ. માઈનરે માઈનર સાથે લગ્ન ન કરવા જોઈએ. અજાણતા લગ્ન થઈ જાય તો પણ ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભસ્ત શિશુનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો શિશુ મેજર હોય તો કાયદાકીય ગર્ભપાત કરાવવું હિતાવહ છે.

### આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસનું મહત્વઃ

થેલેસેમિયા જેવા જીવલેણ રોગ અંગે લોકોમાં જાગૃતિ ખૂબ જ ઓછી છે. થેલેસેમિયા અંગે લોકજાગૃતિ આવે તે માટે દરવર્ષે આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ ઉજવવામાં આવે છે. થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફેડરેશન (TIF) દ્વારા વર્ષ ૧૯૯૪માં TIFના સ્થાપક પેનોસ એંગ્લેઝોસ દ્વારા તેમના પુત્ર જ્યોર્જ એંગ્લેઝોસની યાદમાં પ્રથમવાર આ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ વર્ષે થેલેસેમિયા દિવસની થીમ "Strengthening Education to Bridge the Thalassemia Care Gap" રાખવામાં આવી છે.

### થેલેસેમિયા નિવારણ માટે શ્રેષ્ઠ કામગીરી કરતુ ગુજરાત રાજ્ય..!!!

ગુજરાતમાંથી થેલેસેમિયાને જળ-મૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. આ ક્ષેત્રે ગુજરાત અનેક નવતર પહેલો અને વ્યવસ્થિત આયોજનસાથે અન્ય રાજ્યો માટે રોલ મોડલ બન્યું છે. રાજ્ય સરકારે તમામ સરકારી હોસ્પિટલો ખાતે આવતી ગર્ભવતી બહેનોના થેલેસેમિયા ટેસ્ટ કરવાનું શરુ કર્યું છે. આજસુધીમાં ગુજરાતમાં આસરે સાત લાખ જેટલી ગર્ભવતી બહેનોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી થેલેસેમિયાગ્રસ્ત ૫૦૦થી વધુ ગર્ભસ્તશિશુનો જન્મ અટકાવવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા થેલેસેમિયા નિવારણ માટે અનેક વિશેષ પહેલ કરવામાં આવી છે. આવી જ એક વિશેષ પહેલ છે ૩ સ્તરે થેલેસેમિયા સ્ક્રીનીંગ. ભારત સરકાર, નેશનલ હેલ્થ મિશન અને વિવિધ સેવાભાવી સંસ્થાઓની મદદથી રાજ્ય સરકારે યુનીવર્સીટી લેવલે જ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સ્ક્રીનીંગ કરવાનું શરુ કર્યું છે. ગુજરાતના કેટલાક સમાજ કે સમુદાયમાં થેલેસેમિયાનું પ્રમાણ વધુ જોવા મળતા રાજ્ય સરકારે કમ્યુનીટી સ્ક્રીનીંગ અમલમાં મૂકી વિવિધ સંસ્થાઓ થકી આ સમુદાયોને થેલેસેમિયા અંગે જાગૃત કરવાની વિશેષ પહેલ શરૂ કરી છે. ગુજરાતમાં દરવર્ષે ૨ થી ૩ લાખ લોકોના અને અત્યારસુધીમાં કુલ ૪૦ લાખથી પણ વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર સાથે રેડ ક્રોસ સોસાયટી, થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશન અને થેલેસેમિક ગુજરાત જેવી અનેક સંસ્થાઓ થેલેસેમિયાને નાબૂદ કરવા માટે લોકોને જાગૃત કરવાનું સરાહનીય કામ કરી રહી છેઆ ઉપરાંત થેલેસેમિયાગ્રસ્ત બાળકોને વાર્ષિક આશરે ૧૫ થી ૬૦ બોટલ જેટલા લોહીની જરૂર પડે છે. એટલા માટે જ આવા બાળકોને શ્રેષ્ઠ અને શુદ્ધ લોહી પૂરતા પ્રમાણમાં મળવું પણ ખુબ જ અગત્યનું છે. લોકો વધુમાં વધુ રક્તદાન કરે તો થેલેસેમિયાગ્રસ્ત બાળકોને સારું અને પ્રમાણમાં લોહી મળતું થશે. ગુજરાત સરકાર વિવિધ સંસ્થાઓના સહયોગથી સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું આયોજન કરી થેલેસેમિક બાળકો માટે રક્ત એકત્ર કરવા પણ મોખરે છે. જેથી રક્તદાનનું પણ મહત્વ ખૂબ જ વધારે છે. સાથે જ ગુજરાતમાં કેટલીક સંસ્થાઓ થેલેસેમિક બાળકોના બાકી રહેલા જીવનને આનંદમય બનાવવાનું નેક કામ કરે છે. આજે થેલેસેમિયા દિવસ નિમિત્તે ગુજરાતને થેલેસેમિયા મુક્ત કરવા માટે સૌ સાથે મળી સંકલ્પ કરીએ. થેલેસેમિયા અંગે જાગૃત થઈ વહેલામાં વહેલી તકે થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જોઈએ. આપણી આજુબાજુમાં પણ લોકોને થેલેસેમિયા અંગે માહિતગાર કરીએ. રક્તદાન કરીને થેલેસેમિક વ્યક્તિને મદદરૂપ થઈએ.

# રાષ્ટ્રીય બાળસ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ છેલ્લા નવ વર્ષમાં ગુજરાતમાં ૧૨.૭૫ કરોડથી વધુ બાળકોના આરોગ્યની થઈ તપાસ

### વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતના ૧ કરોડ ૩૫ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે



- છેલ્લા ૯ વર્ષોમાં ૧.૩૯ લાખથી વધુ હૃદય સંબંધિત સારવાર, ૧૭૫૫૬ કિડની કેસીસની સારવાર અને ૧૦૮૬૦ કેન્સર કેસીસની સારવાર
- છેલ્લા ૧ જ વર્ષમાં ૧૭,૫૪૪ હૃદય સંબંધિત સારવાર, ૭૨૪ કિડનીના કેસીસ તથા ૩૩૭ કેન્સરના કેસીસની સારવાર

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સરકારે રાજ્યના બાળકોના આરોગ્યની હંમેશાં ચિંતા કરી છે, કારણકે આ બાળકો જ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વર્ષ ૧૯૯૮માં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

પરિણામે વર્ષ ૨૦૧૪થી ગુજરાતના શાળા આરોગ્ય કાર્યક્રમને 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (SH–RBSK) તરીકે ઓળખવામાં આવે છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા દર વર્ષે રાજ્યના કરોડો બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. છેલ્લા એક જ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩માં આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૧ કરોડ ૩૫ લાખ ૧૯ હજાર ૩૮૧ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૧૪થી અત્યારસુધીમાં એટલે કે છેલ્લા ૯ વર્ષોમાં સમગ્ર રાજ્યના ૧૨.૭૫ કરોડથી વધુ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૧,૩૯,૩૬૮ બાળકોને હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, ૧૭,૫૫૬ બાળકોને કિડની સંબંધિત સારવાર, ૧૦,૮૬૦ બાળકોને કેન્સરની સારવાર, ૧૭૭ બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૬ બાળકોને લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૧૯૮ બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૨૭૩૮ બાળકોને કોકલીયર ઈમપ્લાન્ટ સર્જરી, ૬૯૮૭ બાળકોને કલબ ફૂટ, ૬૦૬૪ બાળકોને ક્લેફ્ટ લિપ – પેલેટની સારવાર પૂરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ની વાત જો કરવામાં આવે તો ૧૭,૫૪૪ બાળકોને હૃદય સંબંધિત સારવાર, ૭૨૪ બાળકોને કિડની સંબંધિત, ૩૩૭ બાળકોને કેન્સરની સારવાર, ૧૩ બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૧ બાળકને લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૧૦ બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૨૯૭ બાળકોને કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૯૫૨ બાળકોને ક્લબ ફૂટ, ૩૧૫ બાળકોને ક્લેફ્ટ લિપ – પેલેટની સારવાર પૂરી પાડવામાં આવી છે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત હૃદયની સર્જરીની સારવાર લેનાર શાહનવાઝ નાસિરખાન પઠાનના માતા શાહજહાન પઠાન જણાવે છે કે, મારા પાંચ વર્ષના દીકરાને ન્યુમોનિયા થયા બાદ સિવિલ હોસ્પિટલમાં આરોગ્યની તપાસ કરાવતા તેના હૃદયમાં કાણું હોવાની જાણ થઈ હતી. તમામ રિપોર્ટ કરાવ્યા બાદ તરત દીકરાને યુ.એન મહેતા હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો, જ્યાં નિષ્ણાંત તબીબો દ્વારા વિનામૂલ્યે સર્જરી કરવામાં આવી હતી. આજે દીકરાની તબિયત સ્વસ્થ છે અને સર્જરી બાદ પણ કોઈ તકલીફનો સામનો કરવો પડ્યો નથી. આ માટે અમે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર માનીએ છીએ. આજના સમયમાં જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર મોંઘી થઈ રહી છે ત્યારે સરકારની આ સહાયથી પરિવાર પર આર્થિક બોજો નથી પડી રહ્યો. ઉલ્લેખનીય છે કે, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના જન્મથી ૧૮ વર્ષના તમામ બાળકોનું સ્વાસ્થ્ય અને આરોગ્ય જળવાઈ રહે તે માટે બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર તેમજ રેફરલ સેવાઓ જેવી ઉમદા અને ગુણવત્તાસભર સેવાઓ રાજ્ય સરકાર તરફથી પૂરી પાડવામાં આવે છે. શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ નિર્ધારિત પ્લાન મુજબ નવજાત શિશુથી માંડીને ૫ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના તમામ બાળકોને RBSK મોબાઈલહેલ્થ ટીમદ્વારા નિયમિત રીતે આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પૂરી પાડવામાં આવે છે.

